# અગસ્ત્યનો આદેશ

'કુમાર ! ' વૃદ્ધ તાપસ બોલ્યો, ' આશ્રમના પાયામાં તો ઋષિનું તપોબળ રેડાયું છે.'

અગસ્ત્ય ઋષિના આશ્રમની એક પર્ણકુટીમાં રામચંદ્ર, લક્ષ્મણ અને આશ્રમનો વૃદ્ધ તાપસ બેઠા હતા. સીતા પાસેના બાગમાં ફુલ વીણતાં હતાં. અગસ્ત્ય ધ્યાનમાં બેઠા હતા એટલે રામલક્ષ્મણ તેનાં દર્શન કરવાની રાહ જોતા બેઠા હતા.

'કેવો સરસ આશ્રમ છે !' રામચંદ્રે કહ્યું, 'અમે આજ સુધીમાં ઘણા ઘણા આશ્રમો જોયા છે પન આવો તેજસ્વી આશ્રમ આજે પહેલાં જ જોઈએ છીએ. જુઓ ને, આ લીલાંછમ વૃક્ષો કેવાં ઝૂકી રહ્યાં છે ! એનાં પાન સૂર્યના તેજમાં કેવાં રસભર્યાં ચળકે છે !'

'આખાય આશ્રમ ઉપર એક પ્રકારનું ઓજસ થનગની રહ્યું છે.' લક્ષ્મણ બોલ્યા.

'કુમાર !' તાપસે ચલાવ્યું, થોડાં વર્ષો અગાઉ આવ્યા હોત તો આ જગા કેવળ વેરાન લાગત.'

'એમ ?' લક્ષ્મણને કુતૂહલ થયું.

'અરે ભાઈ ! વાત ન પૂછો .' તાપસ બોલ્યો,,'આ બધી જગાએ નર્યાં બોરડીનાં ઝરડાં ને મોટા મોટા ખાડાટેકરા જ હતા !'

'તમે અહીં ક્યારે આવેલા ?' રામચંદ્ર બોલ્યા.

'હું તો આવ્યો ત્યારે છેક નાનો હતો.' તાપસે જણાવ્યું, 'અમે ચાર જણા ઋષિની સાથે મૂળથી જ આવેલા. મારા એ ત્રણ મિત્રો તપશ્ચર્યા પૂરી કરીને સમાધિ કરી ગયા ને હવે હું પણ તૈયારી કરી રહ્યો છું.'

'તો પછી આ આશ્રમ તમે જ જમાવ્યો એમ કહો ને !' રામચંદ્ર બોલ્યા.

'અમે શાનો જમાવ્યો ? જમાવ્યો ઋષિબાપાએ. ' તાપસે જવાબ વાળ્યો.

'પણ તમેય સાથે તો ખરા ને ?' લક્ષ્મણ બોલ્યા.

'અમે તો બાપાના દાડિયા !' તાપસ બોલ્યો.

'ને બાપા તમારા ઈજનેર ?' રામચંદ્રે પૂછ્યું.

'એકલા દાડિયા પણ નહિ ને એકલા ઈજનેર પણ નહિ, એવા દાડિયા- ઈજનેર ! તાપસ બોલ્યો.

'ને તમે આ આખોય આશ્રમ ઊભો કર્યો ?' રામચંદ્ર બોલ્યા.

'એમ શા માટે પૂછો છો ?' તાપસે અકળાઈને જણાવ્યું, 'આશ્રમ ઊભો ન કરીએ તો અહીં આવીએ શા માટે ?'

'શું અગસ્ત્ય`ઋષિ અહીં મજૂરી  કરતા ?' લક્ષ્મણે પૂછયું.

'એમાં તમને આશ્ચર્ય થાય છે ?' તાપસ બોલ્યો.

'આશ્ચર્ય તો એટલા માટે કે અગસ્ત્ય તો ઋષિ મહારાજ છે, તે મજૂરી કરે તો તપશ્ચર્યા ક્યારે કરે ? ધ્યાન ક્યારે ધરે ? હોમ ક્યારે કરે ? ને શિષ્યોને વેદ ક્યારે ભણાવે ?' લક્ષ્મણે પૂછ્યું.

'ઓ... હો... હો !' તાપસ હસી પડ્યો, 'તમારી વાત સમજ્યો. શું તમે એમ સમજ્યા છો કે આસન વાળીને બેસવું, આંખો મીંચવી અથવા નાકની દાંડી પર ઠેરવવી ને ભદ્રામુદ્રા વાળીને હાથ ગોઠણ ઉપર રાખવા, એનું જ નામ તપશ્ચર્યા છે, ને દિવસના આઠ કલાક કોદાળી-પાવડો લઈને મજૂરી કરવી એ તપશ્ચર્યા નથી ?'

'હું એકલો એમ સમજ્યો છું એમ નથી.' લક્ષ્મણે જવાબ વાળ્યો, 'અમે છેલ્લાં દસ વર્ષ દરમિયાન આટાઆટલા આશ્રમો જોયા ત્યાં લગભગ સૌ ઋષિમુનિઓ એમ જ સમજે છે.'



'માટે જ એ આશ્રમોને રાક્ષસો ત્રાસ આપી શકે છે !' તાપસ બોલ્યો,'અમે અહીં આવ્યા ત્યારથી અગસ્ત્ય ભગવાન તો અમારા કાનમાં એક જ મહામંત્ર ફૂંકે છે કે શરીરને પરસેવો ઉતારે એવી

મહેનત વિના નરી કહેવાતી તપશ્ચર્યા વાંઝણી છે.અમે આવ્યા એ દિવસોથી દરરોજ અમે સૌ સાતઆઠ કલાક આવી મહેનત તો કરીએ જ છીએ.'

'ને તપશ્ચર્યા ક્યારે કરો ?' લક્ષ્મણે પૂછયું

'આ મજૂરી એ જ તપશ્ચર્યા !' તાપસ બોલ્યો, 'કુમાર ! સામાન્ય માણસો શરીરની મહેનત ને તપશ્ચર્યાને જુદાં જુદાં માને છે એટલે મહેનતનો ત્યાગ કરીને એકલી તપશ્ચર્યાની પાછળ દોડે છે.ઋષિબાપાએ તો અમને વેદમાં ભણાવ્યું છે, કે મહેનત કરો, ને એ મહેનત પ્રભુને ચરણે મૂકો, એટલે એ જ તપશ્ચર્યા થઈ. અમે મહેનત કરીએ છીએ ત્યારે પણ કેમ જાણે કોઈ અગમ્ય તત્વની ઉપાસના કરતા હોઈએ એવી અમને શાંતિ થાય છે !'

'ત્યારે મહેનતથી તમે જડ નથી થઈ જતા ?' લક્ષ્મણ બોલ્યો.

'જડ તો છું જ ના ! પણ અમને એવું લાગે છે કે આવી મહેનતથી અમે વધારે તેજસ્વી થઈએ છીએ.' તાપસ બોલ્યો.

'ત્યારે શું તમારે ધ્યાન વગેરે કરવાનું જ નહિ ?' રામચંદ્રે પૂછયું.

' ધ્યાન વિના તો મૂઆ જ પડ્યા સમજો !' તાપસ બોલ્યો, ' અમારી મજૂરીની પાછળ પ્રભુનું બળ ન હોય તો થઈ રહ્યું ! એ બળનો વિચાર નિરંતર વહેતો રહે ને અમારા હૃદય ઉપર જડતાનું પડ બાઝી ન જાય એટલા માટે દરરોજ થોડો વખત ધ્યાન તો કરવાનું જ. દરરોજ આવું ધ્યાન કરીને તો અમે મન ઉપર લાગી ગયેલા ઝેરને ઉતારીએ છીએ. પણ એટલા પૂરતું જ આ ધ્યાન.' 'ત્યારે આ આશ્રમ તમે તમારી મહેનતથી બાંધ્યો ?' રામ બોલ્યા.

'કુમાર !' તાપસ બોલ્યો, 'જુઓ, પેલું પીપરનું ઝાડ રહ્યું, જેની પાસે થઈને તમે આ આશ્રમ તરફ ફંટાયા. બાપાએ એ પહેલુંવહેલું રોપેલું. પછી આ જગાને અમે ચારેય મિત્રોએ ખોદીકારવીને સપાટ કરી. આ પર્ણશાળાની જગાએ તો મોટો ખાડો હતો. એ પૂરતાં અમને પૂરા વીસ દિવસ થયા હતા. પછી અમે આ સ્થાન પર બાપા માટે એક ઝૂંપડી બાંધી. આ અમારી સૌથી પહેલી પર્ણકુટી. ત્યાર પછી આ શિષ્યોના નિવાસો થયા, આ ગૌશાળા થઈ, આ ધ્યાનગૃહ થયું, આ કથાસ્થાન થયું ને આ વેદશાળા થઈ. આ બધાંય મકાનોની પાછળ નાનો નાનો ઈતિહાસ પડ્યો છે.'

'આ બધાંમાંથી તમે ખાસ કયું મકાન બાંધેલું ?' લક્ષ્મણે પૂછ્યું. 'કોદાળીઓ, પાવડા, તીકમ, વગેરે ઓજારો રાખવાની આ ઝૂંપડી મેં ને બાપાએ બંનેએ સાથે બાંધેલી,' તાપસ બોલ્યા, 'રાક્ષસો પણ એવા જબરા કે બીજા કોઈ મકાન પર ન આવે પણ આ ઝૂંપડી પર તરાપ મારે, ને અમારાં ઓજારો ઉપાડી જાય.'

'હવે રાક્ષસો આવે છે ખરા ?' રામચંદ્ર બોલ્યા.

'હવે શું આવે ?' તાપસે જણાવ્યું, 'એક મોટા રાક્ષસને બાપા એક વાર પચાવી ગયા ત્યારથી એ સૌ અહીં પગ મૂકવો છાંડી ગયા છે. તમને એ વાતની ખબર નહિ હોય.'

'ઈલ્વલ ને વાતાપિની ના ? નિષાદરાજ ગુહે એ વાત અમને કહી છે.' રામચંદ્ર બોલ્યા.

'તો બસ. એ દિવસ પછીથી આખો પ્રદેશ નિર્ભય બની ગયો છે.'

'ઋષિબાપા ધ્યાનમાંથી ક્યારે ઊઠશે !' રામચંદ્રે પૂછ્યું.

'અરે, હું તો વાતે ચડી ગયો ને બધું ભૂલી ગયો. બાપા તો આપણી રાહ જોતા હશે. વચ્ચે એક શિષ્ય આવીને મારા કાનમાં કહી ગયો કે ઋષિ ધ્યાનમાંથી પરવાર્યા છે, ને સીતા આવી ગયાં છે, માટે રામલક્ષ્મણને લઈને આવો. પણ હું વાતોડિયો ખરો ને, એટલે એ ભૂલી ગયો. હવે ચાલો આપણે સૌ બાપા પાસે .' ત્રણેય જણા ઊઠીને અગસ્ત્યના ધ્યાનગૃહ તરફ ચાલ્યા.

- નાનાભાઈ ભટ્ટ